| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૨/૦૭/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૬૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૭૭ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૬૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### પર્સ/સોનાની ચેઇન ખેંચી ઝુંટવી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૧૦૬૯/૨૦૨૩

**સાબરમતીઃ** સવિતાબહેન વા/ઓ કૌશીકભાઈ પટેલ (ઉ.વ.૫૮)(રહે.સરસ્વતીનગર સોસાયટી, બલોલનગર રોડ, રાણીપ) એ તા.૦૧/૦૭/૨૦૨૩ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે ન્યુ રાણીપ આનંદ પાર્ટી પ્લોટ રોડ સ્ટેટ બેંક સામે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સવિતાબહેનના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

**મણીનગરઃ** કલ્પનાબહેન વા/ઓ અરવીંદકુમાર રાવલ(ઉ.વ.૬૦)(રહે.ઓમકારેશ્વર મહાદેવની નજીક, સેક્ટર-૪/એ ગાંધીનગર) એ તા.૦૧/૦૭/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૬/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે મણીનગર એલ.જી. ત્રણ રસ્તા સ્વામિનારાયણ સંસ્કાર ધામ પાસે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ ભેગા મળી કલ્પનાબહેનનું પર્સ ખેંચી ઝુંટવી લઇ નાસી ગયા હતા. પર્સમાં મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૮,૦૦૦/-, સોનાની વીંટી નંગ-૪ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

## <u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૦૭૦/૨૦૨૩</u>

**નારણપુરાઃ** રોમાબહેન નરેશભાઈ કોટીયા (ઉ.વ.૩૪)(રહે.એકતા ફેસ્ટીવલ, ગુજરાત હાઉસીંગ બોર્ડ સામે શાસ્ત્રીનગર નારણપુરા) તા.૦૧/૦૭/૨૦૨૩ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૬/૨૦૨૩ સાંજના ૬/૪૫ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન નારણપુરા મીરામ્બીકા સ્કૂલ રોડ, મહર્ષિ અરવિંદ ઘોષ મ્યુનિસીપલ ઉધાન નાજીક પાર્ક કરેલ ટી.વી.એસ જ્યુપીટરની ડેકી ખોલી ડેકીમાંથી અજાણી વ્યક્તિ પર્સમાંથી અલગ-અલગ ડેબીટકાર્ડ અને સ્માર્ટકાર્ડ ચોરી કરી એ.યુ.સ્મોલ ફાયનાન્સ બેંકના ડેબીટકાર્ડ થી રૂપિયા ૯૦,૦૦૦/- અને બેંક ઓફ બરોડા બેંકના ડેબીટકાર્ડથી રૂપિયા ૨૫,૦૦૦/- તેમજ બેંક ઓફ ઈન્ડીયા બેંકના ડેબીટકાર્ડથી રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી બાબુભાઇ પ્રભાતભાઇ ચલાવે છે.

## <u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૦૭૧/૨૦૨૩</u>

**“કે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** (૧) ગૌરવભાઇ આનંદકુમાર ચૌરસીયા (ઉ.વ.૨૮)(રહે.સ્વામિનારાયણ સોસાયટી, સ્વામિનારાયણ મંદીર પાસે, ઇસનપુર) તા.૦૧/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે કાગડાપીઠ ન્યુ ક્લોથ માર્કેટ પાસે જોગણી માતાના મંદીર સામેથી એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે ફોર વ્હીલ ગાડી નંબર જીજે.૧૦.સી.એન.૪૭૭૮ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટકકર મારતા ગૌરવભાઇને ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરના ડૉ.શ્રીએ તા.૦૨/૦૭/૨૦૨૩ ના કલાક ૧/૩૦ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ગૌરવભાઇની માતા લીનાબહેન ચૌરસીયા એ “કે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**“કે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૨)** મંગુબહેન નાનાભાઇ ડામોર(ઉ.વ.૩૫)(રહે.વ્હાટલ ઇન્ડસ્ટ્રીઝની બાજુમાં, જી.એમ.હોઝનરી પ્લોટ, ભમ્મરીયા લાંભા) તા.૨૮/૦૬/૨૦૨૩ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે લાંભા થી નારોલ તરફ જતા રોડ પર આવેલ ટાટા કંપનીના શો-રૂમ સામે રોડ ક્રોસ કરતા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે.૨૭.ડીએફ.૮૨૧૫ ના ચાલક ચુડાસમા નિખીલ ધીરજલાલ (ઉ.વ.૩૦)(રહે.જગતનગર, ઇંડીયા કોલોની, બાપુનગર) એ પોતાનુ મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મંગુબહેનને ટકકર મારતા, ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન મંગુબહેનનુ મૃત્યું નિપજ્યું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર મંગુબહેનના ભાઇ ભેમાભાઇ ડામોરે “કે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૨/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** જીગીશ સેલ્વમ ગૌંડર (ઉ.વ.૨૭)(રહે.આર્યન સીટી, આર્યન ક્રિસ્ટલ સામે, ગોતા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૬/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુનીલકુમાર સંતોષભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** આશિષ રામજગ પાન્ડે (ઉ.વ.૪૮)(રહે.પાર્શ્વનાથ ટાઉનશીપ શિવાજી ચોક પાસે નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૩ બપોર ૩/૧૦ વાગ્યાના સુમારે એલીસબ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રાજેન્દ્ર સદાશિવ ગાયકવાડ (ઉ.વ.૬૨)(રહે.પાર્શ્વનાથ ટાઉનશીપ નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૪/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**નારોલઃ** શીવાભાઇ આલાભાઇ દેસાઇ (ઉ.વ.૫૬)(રહે.નારોલ ગામ તલાવડી વણજારાવાસના છાપરાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૩ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી